# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળફળિયા, પાણીની ટાંકી પાસે, તા,- કપરાડા,જી,- વલસાડ પિનકોડનં: ૩૯૬૦૬૭, સ્થાપના

વર્ષ: ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, URL:www.kapradacollege.org

GACK/2021/એસ્ટ્રોલજૂથ/586-594 DATE:23/12/2021

પ્રતિ,

મામલતદાર અને એક્ઝીક્યુટિવ મજિસ્ટ્રેટશ્રી,

કપરાડા, તા. કપરાડા, જિ. વલસાડ

વિષય:- એસ્ટોલ જૂથ યોજના અંતર્ગત સરકારી વિનયન કોલેજ, કપરાડાને કનેકશન આપવા બાબત.

સન્દર્ભ:- 1) અત્રેની સંસ્થાના પત્ર ક્રમાંક GACK/2020/અસ્ટોલ જૂથ યોજના/328-337 તા.12/11/2020

2) અત્રેની સંસ્થાના પત્ર ક્રમાંક GACK/2021/અસ્ટોલ જૂથ યોજના/116-125 તા.10/03/2021

3) અત્રેની સંસ્થાના આચાર્યશ્રી દ્વારા તા.3/12/2021 અને 13/12/2021 ના રોજ ઉપરોક્ત વિષય અન્વયે આપશ્રીને કરેલ મૌખિક રજુઆત.

સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપશ્રીને સવિનય જણાવવાનું કે અત્રેની સંસ્થા સરકારી વિનયન કોલેજ, કપરાડા, જિ. વલસાડ ખાતે પાણીની અતિશય અછત છે. વોશરૂમમાં પાણી પર્યાપ્ત માત્રામાં ન મળવાના કારણે સફાઈ પણ સારી રીતે કરી શકાતી નથી. જેના લીધે વિદ્યાર્થીઓને તથા સ્ટાફને ઘણી મુશ્કેલી થાય છે. પાણી જેવી જરૂરી ભૌતિક સુવિધાના અભાવના લીધે અત્રેની સંસ્થામાં પ્રવેશ ઈચ્છતા અમુક વિદ્યાર્થીઓ દર વર્ષે ભણવા માટે બીજા તાલુકામાં જતા હોય છે.

સંન્દર્ભ નં 1 અને 2 થી અમોએ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાણી પુરવઠાબોર્ડ, ધરમપુરને પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા નમ્ર રજુઆત કરેલ છે.

સન્દર્ભ નં 3 થી આપશ્રી દ્વારા અત્રેની સંસ્થાની લીધેલ મુલાકાત વખતે અમોએ પાણીની અછત માટે આપશ્રીને મૌખિક રજુઆત કરેલ. આપશ્રી દ્વારા આ દિશામાં દાખવેલ ઉત્સાહ અને આદિવાસી વિદ્યાર્થિઓના ભવિષ્યની ચિંતા, વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમ નિહાળી અમોને વિશ્વાસ છે કે આપશ્રી અત્રેની સંસ્થામાં પાણીની સમસ્યા દૂર કરવા, વિદ્યાર્થીઓની સંખ્યા વધે અને સરકારશ્રી દ્વારા વખતો વખત આદિવાસી વિદ્યાર્થીઓને અપાતી યોજનાઓના લાભ મળે અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઉજ્જ્વળ થાય તે દિશામાં યોગ્ય કરશો.

નકલ સવિનય રવાના:-

1) માનનીય અગ્રસચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, બ્લોક નં. 5, નવા સચિવાલય, ગાંધીનગર
2) માનનીય ડાયરેક્ટરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક, નં 12, જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર
3) માનનીય કલેક્ટર અને જિલ્લા મજિસ્ટ્રેટશ્રી, વલસાડ
4) માનનીય પ્રાન્ત અધિકારીશ્રી, ધરમપુર, જિલ્લો, વલસાડ
5) એક્ઝીક્યુટિવ ઈજનેરશ્રી, પાણી પુરવઠા, અબ્બાસ ચેમ્બર્સ, જીલ્લા સેવાસદન -2 ની સામે, વલસાડ
6) પ્રતિ, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાણી પુરવઠા બોર્ડ, રોયલ ફર્નિચરની બાજુમાં, પહેલો માળ, હાથીખાના, ધરમપુર, જી. વલસાડ
7) તાલુકા વિકાસ અધિકારીશ્રી, કપરાડા, જિ, વલસાડ
8) સદર કચેરી ફાઈલ.